Part - 8 1016

## અધ્યાય - ૮

## અભિનય અને નાટ્યભાવો

પ્રકરણ (૧) નાટ્યભાવોનું સ્વરુપ

(૨) સ્થાયી ભાવ

(૩) વ્યભિચારી ભાવ

(૪) વિભાવ

(૫) અનુભાવ

(૬) ભાવ-વિભાવ-અનુભાવ

प्रकरण (१)

નાટ્યભાવોનું સ્વરુપ

નાટ્યશાસ્ત્રનો સાતમો અધ્યાય 'ભાવાધ્યાય' તરીકે ઓળખાય છે. તેમાં ભરતમુનિએ નાટ્યભાવોનું સ્વરુપ સ્પષ્ટ કર્યું છે.

(૧) ભાવ

(અ) કોશગત તથા વ્યુત્પત્તિલભ્ય અર્થ

ભારતીય રસસિધ્ધાન્તના મૂળભૂત આધારતત્વ સમાન 'ભાવ'ના 'સંસ્કૃત શબ્દાર્થ કૌસ્તુભ' ગ્રંથમાં નિમ્નલિખિત અર્થ આપવામાં આવ્યા છે.

ભાવ :

(૧) અસ્તિત્વ, વિદ્યમાનતા (૨) બનવું, ઘટવું (૩) અવસ્થા, દશા, હાલત (૪) ઢંગ, રીતિ (૫) પદ, હોદ્દો (૬) વાસ્તવિકતા (૭) સ્વભાવ, મિજાજ (૮) ઝોક, વિચાર, ચિત્તવૃત્તિ (૯) પ્રેમ, પ્યાર, અનુરાગ (૧૦) અભિપ્રાય (૧૧) અર્થ (૧૨) સંકલ્પ, દૃઢ વિચાર (૧૩) હૃદય, આત્મા, મન (૧૪) પદાર્થ, વસ્તુ, જીવ (૧૫) જીવધારી (૧૬) ભાવના (૧૭) હાવ-ભાવ, આચરણ (૧૮) પ્રેમદ્યોતક હાવ-ભાવ (૧૯) ઉત્પત્તિ (૨૦) સંસાર, દુનિયા (૨૧) ગર્ભાશય (૨૨) અલૌકિક શક્તિ (૨૩) પરામર્શ, આદેશ (૨૪) નાટકમાં કોઇ પૂજ્ય વ્યક્તિ માટે સંબોધન.

આમ ભાવ શબ્દના અર્થો (૧) સત્તા (૨) પદાર્થ તથા વસ્તુ તેમજ (૩) જીવધારી સુધી વ્યાપેલા છે. પ્રથમતઃ ભાવ શબ્દની વ્યાપ્તિ ઘટનાની ઉત્પત્તિ તથા અસ્તિત્વમાં છે. તે ઉપરાંત ભાવ શબ્દ પદાર્થ અથવા વસ્તુની સંજ્ઞા રુપે પદાર્થના જન્મસ્થાન, સ્થિતિ, અવસ્થા, પ્રકૃતિ તેમજ શક્તિના અર્થમાં વ્યાપ્ત છે. ભાવ શબ્દ જીવધારીની સંજ્ઞારુપે તેના આત્મા, હૃદય, મન, રાગ, સંકલ્પ, સ્વભાવ, આશય, વિચાર, સ્થિતિ, આચરણ, રીતિ તેમજ ગૂઢશક્તિ સુધી વ્યાપ્ત છે.

વાચસ્પત્યમ સંસ્કૃત કોશમાં ભાવ શબ્દની વ્યુત્પત્તિ બે પ્રકારે આપવામાં આવી છે. 'ભૂ' ધાતુથી ભાવ શબ્દની સિદ્ધિ બે રૂપે થાય છે -

(૧) ભૂ +- અચ્, ભાવ: । ભવતિ ઇતિ ભાવ: । જે થાય છે તે ભાવ.

(૨) ભૂ +- ણિચ્+-અચ્, ભાવ: । ભાવયતિ ઇતિ ભાવ: જે ભાવન કરાવે તે ભાવ.

ઉપરોકત આપવામાં આવેલા કોશગત અર્થ ભવતીતિ ભાવ: પ્રમાણે છે.

(બ) 'ભાવ'ની વિવિધ પરિભાષાઓ

ભાવની વ્યાખ્યા આપતાં ભરતમુનિએ 'ભાવ' શબ્દની ઉપર આપવામાં આવેલી બંને વ્યુત્પત્તિઓ નિરુપી છે. પોતાના દ્વારા ગૃહીત ભાવોની વ્યાખ્યા કરતાં તેમણે દ્વિતીય વ્યુત્પત્તિલભ્ય અર્થ સ્વીકાર્યો છે. 'ભાવ'ની પરિભાષા સંક્ષિપ્તમાં આપતાં તેઓ જણાવે છે કે -

'' વાક્, અંગ, સત્વ્, ઉપેતન્ કાવ્યાર્થન્ ભાવયન્તીતિ ઇતિ ભાવા । ''

નાટ્યશાસ્ત્ર અધ્યાય-૭

વાક્, અંગ તથા સત્વથી યુકત કાવ્યાર્થનું જે ભાવન કરાવે છે તે ભાવ.

અભિનવગુપ્તે ભાવ શબ્દનો અર્થ ચિત્તવૃત્તિ કર્યો છે. તેમના મતે ભાવ ચિત્તવૃત્તિસ્વરુપ હોય છે. તેમણે સહૃદય-પ્રેક્ષકની ચિત્તવૃત્તિનો વિશેષ મહિમા કર્યો છે.

દશરુપકકાર ધનંજય ભાવની વ્યાખ્યા આપતાં કહે છે કે -

'' સુખદુ:ખાદિકૈર્ભાવૈભર્ભાવસ્તદ્ભાવ ભાવનમ્ । ''

દશરૂપક ૪/૩

ભાવ-અનુકાર્ય (રામઆદિ) ને આશ્રય બનાવી વર્ણિત સુખદુ:ખ ભાવો દ્વારા ભાવક ચિત્ત અન્તવર્તી તદ્-તદ્ ભાવોના ભાવનને ભાવ કહે છે.

'નાટકલક્ષણરત્નકોશ'માં સાગરનન્દીએ ભાવની વ્યાખ્યા ભરતાનુસારે આપી છે.

વાગંગ સત્વભિનયૈ રાહાર્યાભિનયૈ રપિ
કવેરન્તર્ગતં ભાવં ભાવયન્ ભાવ ઉચ્યતે ॥

ના.લ. રત્નકોશ / ૨૨૮

જે વાણી, અંગ, સત્વ અને આહાર્ય અભિનય દ્વારા કવિના આંતરિક આશયને પ્રકટ કરે તેને ભાવ સમજવો જોઇએ.

નાટ્યદર્પણમાં ભવતીતિ ભાવ: વ્યુત્પત્તિના આધારે સ્થાયી ભાવ, વ્યભિચારી ભાવ, વિભાવ તથા અનુભાવની વ્યાખ્યા કરવામાં આવી છે.

ભાવપ્રકાશનમાં ભાવ શબ્દનો અર્થ ભાવનં, ભૂતિ:, ભાવયતિ સુધી વ્યાપ્ત જોવા મળે છે અને તેમાં પદાર્થ, ક્રિયા, સત્તા તેમજ મનોવિકારનો સમાવેશ થયેલો છે. તેમાં દશરુપકકારના કથનનું અનુસરણ કરી આશ્રયની અનુભૂતિથી માંડી સામાજિકના મનના તાદાત્મ્યને પણ ભાવરુપે સ્વીકારવામાં આવ્યા છે.

સાહિત્યદર્પણમાં ભાવની પરિભાષા આ પ્રમાણે આપવામાં આવી છે.

નાનાભિનયસંબન્ધાન્ભાવયન્તિ રસાન્ યત: ।
તસ્માદ્ ભાવા અમી પ્રોક્તા: સ્થાયિસંચારિસાત્ત્વિકા: ॥

સાહિત્યદર્પણ ૩/૧૮૧

અનેક અભિનયાદિકોમાં શૃંગારાદિ રસોને ભાવિત કરે છે એટલે રતિ આદિ સ્થાયી, નિર્વેદ આદિ સંચારિ તથા પૂર્વોક્ત સાત્વિકોને ભાવ કહે છે.

રસતરંગિણીકાર ભાનુદત્તે ભરતમુનિના 'ભાવ' શબ્દના આશયને ગ્રહણ કરી ભાવને દ્વિવિધ - આન્તર તથા બાહ્ય માન્યા છે અને તેમાં સ્થાયિ, વ્યભિચારી ભાવો તેમજ સાત્વિક ભાવોને સમાવી લીધા છે. તેમણે ભાવ શબ્દની પરિભાષા રસાનુકુલો વિકારો ભાવ: આપી છે અને વિકારને અન્યથા ભાવ કહી સ્પષ્ટ કર્યો છે.

ભાવ સંબંધી વિવિધ પરિભાષાઓના પરિશીલનથી સ્પષ્ટ થાય છે કે સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં ભાવનો સામાન્યત: ત્રણ અર્થમાં પ્રયોગ થાય છે.

(૧) વ્યાપકરુપે સંપૂર્ણ રસવ્યંજક સામગ્રીના અર્થમાં-જેમાં વિભાવ, અનુભાવ, સ્થાયીભાવ, વ્યભિચારી ભાવ તથા સાત્વિક ભાવ બધાનો સમાવેશ થઇ જાય છે.

(૨) કાવ્યગત સ્થાયી સંચારી (વ્યભિચારી) અને સાત્વિક ભાવો એટલે કે માનસિક, શારીરિક અનુભૂતિઓના અર્થમાં.

(૩) અનુપચિત સ્થાયી અને અનુપચિત વ્યભિચારી ભાવના અર્થમાં.

(૪) સામાન્ય મનોવેગના અર્થમાં.

(૫) કવિ સર્જકની અનુભૂતિના અર્થમાં.

ભરતમુનિએ ભાવનો અર્થ, ''જે રસનું ભાવન કરે છે તે ભાવ '' એવો સ્વીકાર્યો છે. તેમની દૃષ્ટિએ રસવ્યંજક સામગ્રી જેની અન્તર્ગત સ્થાયી ભાવ, સંચારી ભાવ, (વ્યભિચારી ભાવ) વિભાવ અને અનુભાવ પણ આવી જાય છે. પરંતુ આગળ જતાં એમણે વિભાવ અને અનુભાવને અલગ પાડી દીધા છે અને ભાવોની સંખ્યા ૪૯ માની છે : આઠ સ્થાયી ભાવ, તેત્રીસ વ્યભિચારી ભાવ અને આઠ સાત્વિક ભાવ.

એવમેતે કાવ્યરસાભિવ્યક્તિહેતવ એકોનપંચાશદ્‌ભાવા: પ્રત્યવગન્તવ્યા: ।

ભરતમુનિએ ભાવ શબ્દનો વ્યાપકરૂપે પ્રયોગ કર્યો છે. તેમાં કેવળ મનોવિકારો અથવા મનોવેગોનો સમાવેશ થતો નથી પણ શારીરિક વિકારો, અવસ્થાઓનો પણ સમાવેશ થઇ જાય છે.

નાટ્યશાસ્ત્રને કેન્દ્રમાં રાખનારા આચાર્યોએ 'ભાવ' શબ્દનો એકાંગીપણે 'આંતરિક ભાવ' એવો અર્થ ગ્રહણ કર્યો નથી પણ આન્તરિક ભાવ ઉપરાંત કાવ્યાર્થ તથા રસનિર્માણમાં સહાયક તત્વો રૂપે પણ ભાવ શબ્દનો આશય સ્વીકાર્યો છે. પરંતુ આ આચાર્યો દ્વારા પ્રતિપાદિત ભાવનું સ્વરૂપ તથા ભરતોત્તર રસધ્વનિવાદી, સંસ્કૃત આચાર્યો દ્વારા પ્રતિપાદિત ભાવનું સ્વરૂપ - એ બંનેમાં પાયાનો ભેદ રહેલો છે. તે આચાર્યોએ 'ભાવ'ના વ્યાપક અર્થનો ત્યાગ કરી મુખ્યપણે આન્તરિક ભાવ અથવા ચિત્તવૃત્તિ યા મનોવિકાર અર્થજ ગ્રહણ કર્યો છે. ભાવને સહૃદય અથવા કવિની ચિત્તવૃત્તિ અથવા મનોભાવરૂપ માનવાની પ્રવૃત્તિ સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં જોવા મળે છે. આચાર્ય અભિનવગુપ્તે ભાવને પૂર્ણપણે ચિત્તવૃત્તિ અથવા મનોભાવરૂપે ગ્રહણ કરવો વધારે ઉચિત માન્યો છે. અભિનવગુપ્તનું અનુગમન કરનારા રસધ્વનિવાદી મમ્મટ, વિશ્વનાથ, પંડિતરાજ જગન્નાથ વિગેરે આચાર્યોએ ભાવ શબ્દનો પ્રયોગ એકાંગીપણે ચિત્તવૃત્તિ અથવા મનોભાવના અર્થમાંજ કર્યો છે. ભરતમુનિની ભાવ સંબંધી

વિચારણા તથા અભિનવગુપ્ત અને તેમને અનુસરનારા આચાર્યો દ્વારા નિરુપિત ભાવસ્વરુપમાં આ તાત્વિક તફાવત રહેલો છે જે વિશે વિશેષ સ્પષ્ટતા 'ભરતમુનિની દૃષ્ટિએ નાટ્યભાવોનું સ્વરુપ' શિર્ષક અંતર્ગત કરવામાં આવી છે.

આધુનિક હિન્દી કાવ્યશાસ્ત્રમાં આચાર્ય શુકલએ 'ભાવ' સ્વરુપના નિર્ધારણમાં પાશ્ચાત્ય માનસશાસ્ત્રનો, ખાસ કરીને શેંડના 'ઇમોશન'ના પ્રતિપાદનનો આધાર લીધો છે. પરંતું તેમણે પોતાના ભાવલક્ષણને અત્યંત વ્યાપક બનાવી સ્થાયી ભાવો ઉપરાંત વ્યભિચારી તથા સાત્વિક ભાવો સહિત અનુભાવોને પણ તેમાં સમાવી લીધા છે. તેમના મતે 'પ્રત્યયબોધ, અનુભૂતિ અને વેગયુકત પ્રવૃત્તિ આ ત્રણેયના ગૂઢ સંશ્લેષનું નામ ભાવ છે.'' (રસમીમાંસા. પૃ.૧૬ તેમણે આગળ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે મનના પ્રત્યેક વેગને ભાવ કહી શકાય નહીં, મનનો એજ વેગ ભાવ કહેવાય જેમાં ચેતનાની અંદર આલંબન વિગેરે પ્રત્યય રુપે પ્રતિષ્ઠિત હોય. આચાર્ય શુકલએ બધા શારીરિક વિકારોને 'ભાવ' અંતર્ગત સમાવ્યા નથી પણ એજ શારીરિક વિકારોને 'ભાવ' અંતર્ગત સ્વીકાર્યા છે જેનો કોઇને કોઇ મનોવેગ સાથે સીધો સંબંધ હોય.

એક અન્ય હિન્દી વિધ્વાન ડો.શ્યામસુંદરે ભરતમુનિના મતનો આધાર લઇ ભાવને મનનો વિકાર કહ્યો છે. તેમના કથન અનુસાર ભાવ અન્તરાત્માનો વિશેષ ધર્મ છે જે અનુભવગમ્ય છે પણ અનિર્વચનીય છે. (સાહિત્યાલોચન પૃ. ૨૧૧)

ડો. નગેન્દ્રે 'ભાવ'ને ઇમોશનના અર્થમાં ગ્રહણ કર્યો છે. તેમણે પાશ્ચાત્ય માનસશાસ્ત્રીઓએ ઇમોશનની આપેલી પરિભાષાનો આધાર લઇ ભાવ-સ્વરુપની પરિભાષા આ પ્રમાણે આપી છે. ''બાહય જગતના સંવેદનોથી મનુષ્ય હૃદયમાં જે વિકાર પેદા થાય છે તે ભાવ સંજ્ઞા પ્રાપ્ત કરે છે.'' ડો. નગેન્દ્ર ભાવને માનસિક પ્રતિક્રિયા રુપેજ સ્વીકારે છે અને તેનાથી ઉત્પન્ન શારીરિક વિકારો (સાત્વિક ભાવો, અનુભાવો) ને માનસિક ક્રિયાના પરિણામરુપે સ્વીકારે છે. તેમણે જેમ્સ, મેંડુગલ વિગેરે પાશ્ચાત્ય માનસશાસ્ત્રીઓનો મત વ્યકત કર્યો છે કે ભાવનું માનસિક રુપ શારીરિક રુપનું પરિણામ છે અર્થાત શરીરની પ્રતિક્રિયાઓને કારણે મનની પ્રતિક્રિયાઓ જન્મ લે છે. (રીતિ કાવ્યકી ભૂમિકા પૃ.૭૦)

ડો. ગુલાબરાય મનોવિજ્ઞાનના 'ભાવ' (ઇમોશન) તથા સાહિત્યના ભાવમાં ભિન્નતા હોવાનું જણાવે છે. તેમના કથન અનુસાર સાહિત્યનો ભાવ મનના એ વિકારને કહે છે જેમાં સુખદુ:ખાત્મક અનુભવની સાથે કેટલીય ક્રિયાત્મક પ્રવૃત્તિ પણ રહે છે તે 'મનોવેગ' (ઇમોશન)નું એક વ્યાપક રુપ છે જેમાં મન્દ તથા તીવ્ર, ઉપરછલ્લા તથા ઉંડા બંને પ્રકારના ભાવનો સમાવેશ થાય છે. તેની વ્યાપકતામાં ભાવના ક્રિયાત્મક પક્ષ પણ રહે છે. અનુભાવ પણ ભાવ કહેવાય છે. (સિદ્ધાન્ત ઔર અધ્યયન પૃ.૧૭૫)

મરાઠી આચાર્ય શ્રી દિ.કે.વેડેકરે પોતાના 'રસસિદ્ધાન્તનું સ્વરુપ વિવેચન' ગ્રંથમાં ભારતીય કાવ્યશાસ્ત્રના ભાવની વિસ્તૃત વ્યાખ્યા આપી જણાવ્યું છે કે નાટ્યભાવ કવિમનસ્થ ભાવાર્થનું અર્થાત પર્યાયથી કાવ્યાર્થનું ભાવન કરે છે.

ગુજરાતી વાઙ્મયના રસમીમાંસકો પૈકી શ્રી જયોતીન્દ્ર હ દવેના મત પ્રમાણે અમુક વિષયના સાન્નિધ્યમાં (અથવા કોઇકવાર એની ગેરહાજરીમાં પણ) ઉદ્દીપ્ત થયેલા વિચારને કારણે ઉત્પન્ન થતો માનસિક તેમજ શારીરિક વિકાર એટલે ભાવ.

(વાઙ્.મયચિંતન પૃ.૫૦)

શ્રી પ્રમોદકુમાર પટેલના કથન અનુસાર 'ભાવ' એ સમસ્ત માનવસંવિત્તિમાં, એના કોષે કોષમાં સુવાસની જેમ વ્યાપિ વળતું અતિ સુક્ષ્મ તત્વ છે.

આમ આધુનિક રસમીમાંસકોએ કાવ્યશાસ્ત્રના 'ભાવ' તથા મનોવિજ્ઞાનના મનોવિકાર (સંવેગ અને અનુભુતિ) આ બંનેને સાંકળવાનો પ્રયત્ન કર્યો છે.

## (ક) 'ભાવ'ના પ્રભેદો

ભરતમુનિએ ભાવાધ્યાય અંતર્ગત ૮ સ્થાયી ભાવ, ૮ સાત્વિક ભાવ, ૩૩ વ્યભિચારી ભાવ તેમજ વિભાવ અને અનુભાવનું સ્વરુપ તથા પ્રત્યેક રસ, સ્થાયી ભાવ, સાત્વિક ભાવ, વ્યભિચારી ભાવના વિભિન્ન વિભાવો તથા અનુભાવો નિરુપ્યા છે, જે વિશે ચર્ચા હવે પછીના પ્રકરણોમાં વિસ્તારપૂર્વક કરવામાં આવી છે.

શારદાતનયે ભાવપ્રકાશનમાં ભાવના સ્પષ્ટપણે પાંચ ભેદ પાડયા છે. (૧) વિભાવ, (૨) અનુભાવ (૩) સ્થાયી ભાવ (૪) વ્યભિચારી ભાવ તથા (૫) સાત્વિક ભાવ. પ્રત્યેક સંજ્ઞામાં 'ભાવ' શબ્દ 'સામાન્ય common છે.

ભરતોત્તર કાળના સંસ્કૃત આચાર્યોએ ભાવનું આ વર્ગીકરણ માન્ય રાખ્યું છે.

આધુનિક મીમાંસકોએ ભાવના પ્રભેદો સ્થાયીભાવ, વ્યભિચારી ભાવ, સાત્વિક ભાવ - એ બધાનું માનસશાસ્ત્રની દૃષ્ટિએ વર્ગીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે પણ તેમની વચ્ચે ઐકમત્ય નથી.

ડો.પી.એસ.શાસ્ત્રી સાત્વિક ભાવને sensations અને સ્થાયી ભાવને instinctive tendencies માને છે. ડો.વાટવે વ્યભિચારી ભાવને emotions અને સ્થાયી ભાવને sentiment ગણાવે છે. પ્રો.જોગને સ્થાયી ભાવનું instinct સાથે અને રસનું emotion સાથે સામ્ય જણાય છે. ડો.વાળિંબે સ્થાયી ભાવ અને રસ બંનેને emotions માને છે અને વ્યભિચારીમાં એ પ્રાથમિક સાધિત અને સંમિશ્ર ભાવો ઉપરાંત શારીરિક અવસ્થા અને જ્ઞાનાત્મક મનોવસ્થા પણ સમાયેલાં છે એમ જણાવે છે. ડો.રાકેશ ગુપ્તા સ્થાયી તેમજ સંચારી ભાવમાં ભેદ કરતાં નથી. એ કહે છે કે પ્રત્યેક emotion અર્થાત ભાવના ત્રણ ઘટક અંશો છે, એને ઉદ્દીપ્ત કરનાર excitant cause ભાવાનુભવ વખતનો મનોવિકાર psychic or mental affectionને શારીરિક ફેરફાર, સ્થાયી અને સંચારી ભાવમય મનોવિકાર દર્શાવે છે. વિભાવ ઉદ્દીપક કારણ છે અને અનુભાવ તે expression of emotions ભાવની અભિવ્યક્તિ છે. આ ત્રણે મળીને emotion થાય છે અને તેજ રસ.

આમ વિદ્વાનોમાં ભાવના વિવિધ પ્રભેદો અને તેના માનસશાસ્ત્રી અધ્યયન વિષયમાં મોટો મતભેદ પ્રવર્તે છે. આ તબક્કે ભરતમુનિની દૃષ્ટિએ નાટ્યભાવોનું સાચું સ્વરુપ શું હોઇ શકે તે સંબંધી ચર્ચા કરવી અનિવાર્ય બની રહે છે.

## ભરતમુનિની દૃષ્ટિએ નાટ્યભાવોનું સ્વરુપ

ડો. મનોહર કાલેએ તેમના 'ભારતીય નાટ્ય સૌંદર્ય' પુસ્તકમાં નાટ્યભાવોનું રંગમંચીય નાટ્યપ્રયોગની દૃષ્ટિએ વસ્તુનિષ્ઠ વિશ્લેષણ કરી ભરતમુનિને અભિપ્રેત નાટ્યભાવોનું સ્વરુપ સ્પષ્ટ કરી આપવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. તેમના વિવેચનના મુખ્ય મુદ્દા આ પ્રમાણે છે.

ભરતમુનિના યુગમાંજ ભાવ શબ્દના અનેક અર્થો પ્રચલિત હતા પરંતુ ભરતમુનિએ નાટ્યકળા તથા નાટ્યરસની નિષ્પત્તિ-પ્રક્રિયાને ધ્યાનમાં રાખીનેજ 'ભાવ'નું સ્વરુપ નક્કી કર્યું છે. ભરતમુનિના ગદ્યમાં વિવેચનની એક સુનિશ્ચિત પધ્ધતિ જોવા મળે છે. સૌ પ્રથમ તેઓ પોતાના મંતવ્યની સ્થાપના કરે છે અને ત્યારબાદ પોતાના મંતવ્ય સાથે સામ્ય અને વૈષમ્ય ધરાવતા અન્ય મતોનો ઉલ્લેખ કરે છે. 'ભાવસ્વરુપ' ના સંદર્ભમાં સર્વપ્રથમ પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરતાં ભરતમુનિ જણાવે છે કે -

'' વાક્ અંગ સત્વોપેતાન્ કાવ્યાર્થાન ભાવયન્તીતિ ભાવા ઇતિ ।''

અર્થાત વાક્ અંગ તથા સત્વથી યુકત કાવ્યાર્થોને જે ક્રિયાત્મકરુપે અભિવ્યકત કરે છે તે ભાવ કહેવાય છે.

'ભુ' ધાતુથી બનેલા ભાવ શબ્દની વ્યુત્પત્તિના બે વિકલ્પો ભરતમુનિના સમયથીજ પ્રચલિત હતા - 'ભવન્તીતિ ભાવા:' તથા 'ભાવયન્તીતિ ભાવા: ।' ભરતમુનિએ સ્વયં પહેલી વ્યુત્પત્તિનો અસ્વીકાર કરી માત્ર બીજી વ્યુત્પત્તિનેજ નાટ્યના સંદર્ભમાં ગ્રાહ્ય માની છે. 'ભુ' ધાતુના બે મૂળ આશય છે - 'ભૂ ઇતિ સત્તાયાં' અને ' ભૂ ઇતિ કરણે' । ભાવ શબ્દની પ્રથમ વ્યુત્પત્તિ સત્તાત્મક આશય પર આધારિત છે જે વસ્તુનો સ્વયમેવ ઘટિત થવાનો અથવા સત્તામાં આવવાનો અર્થ સ્પષ્ટ કરે છે. બીજી વ્યુત્પત્તિ કરણાત્મક અર્થ ઉપર આધારિત છે, જે ક્રિયાની સિધ્ધિમાં સાક્ષાત્ સાધન બનવાની ધારણાની પુષ્ટિ કરે છે. ભરતમુનિએ સ્પષ્ટપણે દ્વિતીય વ્યુત્પત્તિને સ્વીકારી છે અને કાવ્યગત અર્થોને રંગમંચ ઉપર મૂર્ત કરવામાં સમર્થ ક્રિયાશીલ ઉપકરણોને ભાવ કહયા છે.

સામાન્ય રીતે પાઠ્ય અથવા શ્રવ્ય કાવ્યનો અર્થ માત્ર શબ્દબદ્ધજ હોય છે. તેમાં 'રંગમંચીય નાટ્યાયમાનતા' હોતી નથી એટલે શ્રવ્યકાવ્યગત અર્થ અમૂર્ત, અસ્ફુટ અથવા અવ્યક્ત હોય છે પણ કાવ્યાર્થને જ્યારે રંગમંચ ઉપર 'ભાવો'માં રુપાન્તરિત કરવામાં આવે છે ત્યારેજ તે નાટ્યભાવ બને છે અને કાવ્યાર્થને પ્રકટ કરવાનું સાધન બને છે. ભરતમુનિએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, 'ભાવ ઇતિ કરણ સાધનમ્ '' ।

પોતાના મંતવ્યની આ પ્રમાણે સુનિશ્ચિત સ્થાપના કર્યા પછી ભરતમુનિએ પોતાના સમયમાં પ્રચલિત, પોતાની માન્યતા સાથે સામ્ય તથા વૈષમ્ય ધરાવતાં, 'ભાવસ્વરુપ' સંબંધી ત્રણ મંતવ્યો આનુવંશ્ય શ્લોકો રુપે આ પ્રમાણે ઉદ્ધૃત કર્યા છે.

(૧) વિભાવૈરાહૃતો યોઽર્થો હ્યનુભાવૈસ્તુ ગમ્યતે ।
વાગંગસત્વાભિનયૈ: સ ભાવ ઇતિ સંજ્ઞિત: ॥
અધ્યાય-૭ શ્લોક -૧

અર્થાત્ વિભાવોથી ઉપસ્થિત જે અર્થ અનુભાવો વાચિક, આંગિક તથા સાત્વિક આદિ અભિનયોથી પ્રતીત કરાવવામાં આવે છે તે ભાવ કહેવાય છે. (ડૉ. મનોહર કાલે) જે વિભાવો ધ્વારા નિષ્પન્ન થાય છે (અસ્તિત્વ અથવા સ્થિતિ પ્રાપ્ત કરે છે) અને વાચિક, આંગિક તથા સાત્વિક અભિનય રુપ અનુભાવો ધ્વારા ગમ્ય અર્થાત્ પ્રતીતિયોગ્ય બને છે તે ભાવ કહેવાય છે. (ડૉ. નગેન્દ્ર) જે અર્થ વિભાવો ધ્વારા પ્રસ્તુત થઇ અનુભાવોથી બોધ્ય બને છે તેજ વાણી, અંગ તથા સાત્વિક ભાવોના અભિનયોથી યુક્ત થાય છે ત્યારે ભાવ કહેવાય છે. (બાબુલાલ શુક્લ શાસ્ત્રી ) વિભાવથી અણાયેલો (ગ્રહણ થયેલો) અર્થ જે અનુભાવો વડે સમજાય છે અને વાણી, અંગ, (ચેષ્ટા) અને સત્વાભિનયથી પ્રગટ થાય છે તે ભાવ કહેવાય છે. (ભુપેન્દ્ર ત્રિવેદી)

(૨) વાગંગમુખરાગેણ સત્વેનાભિનયેન ચ ।
કવેરન્તર્ગતં ભાવં ભાવયન્ભાવ ઉચ્યતે ॥
અધ્યાય-૭ શ્લોક-૨

વાચિક, આંગિક, મુખરાગ અને સાત્વિક અભિનયથી કવિના મનમાં સ્થિત ભાવને જે વ્યક્ત કરે છે તે ભાવ કહેવાય છે. (ડો.મનોહર કાલે) જે ચતુર્વિધ અભિનય ધ્વારા કવિના હૃદયગત ભાવને ભાવિત કરે છે તે ભાવ છે - અર્થાત્ સહૃદય-સામાજિકના ચિત્તને વ્યાપ્ત કરે છે. (ડો.નગેન્દ્ર) નાટ્યકારની નાટ્યરચનામાં નિગૂઢ ભાવોને પ્રેક્ષકો માટે બોધગમ્ય બનાવવા જે વાણી, શરીરના અવયવો તથા ચહેરાના રંગ ધ્વારા ભાવ પ્રદર્શન થાય છે તેને ભાવ જાણવો. (બાબુલાલ શુકલ શાસ્ત્રી) વાણી, અંગ, મુખ પરની રતાશ અને સત્વાભિનય વડે કવિના અંતર્ગત ભાવનું પ્રેક્ષકોમાં ભાવન (વ્યાપન) કરવાથી તે ભાવ કહેવાય છે. (ભૂપેન્દ્ર ત્રિવેદી)

પ્રસ્તુત શ્લોકમાં ભાવ શબ્દ બે વાર પ્રયોજાયેલો છે. આધારની ભિન્નતાને કારણે તેના આશયમાં પણ ભિન્નતા પ્રવર્તે છે. પ્રથમ ભાવનો આશય છે કવિના અન્તર્મનમાં સ્થિત ભાવ જે સ્પષ્ટપણે અમૂર્ત હોય છે, સુખદુ:ખાત્મક અનુભૂતિમય હોય છે જેને કવિનો 'મનોભાવ' માત્ર કહી શકાય. બીજા ભાવનો આશય એ છે કે જ્યારે કવિ-મનોગતભાવ પોતાની અમૂર્ત અવસ્થાનો ત્યાગ કરી વાક્, અંગ, સત્વ વિગેરે અભિનયો ધ્વારા રંગમંચ ઉપર મૂર્ત બને છે અથવા સાધનરુપ ધારણ કરે છે ત્યારે તે નાટ્યના ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રકારના 'ભાવ' બને છે. એટલે આ શ્લોકમાં પ્રયોજાયેલા બને ભાવ શબ્દો પૂર્ણપણે સમાનાર્થી નથી.

(૩) નાનાભિનય સંબધ્ધાન્ભાવયન્તિ રસાનિમાન્ ।
યસ્માત્તસ્માદમો ભાવા વિજ્ઞેયા નાટ્યયોક્તૃભિ: ॥

અધ્યાય-૭ શ્લોક-૩

આ ભાવ વિવિધ પ્રકારના અભિનયોથી સંબધ્ધ થઇ રસોને અભિવ્યકિત પ્રદાન કરે છે માટે નાટ્યપ્રયોકતાઓએ તેને આ રુપેજ સમજવો જોઇએ. (ડો.મનોહર કાલે) નાનાવિધ અભિનયો સાથે સમ્બધ્ધ રસો-કાવ્યાર્થોને ભાવિત એટલે કે સહૃદયના ચિત્તમાં વ્યાપ્ત કરે છે માટે નાટ્યકર્તા એને ભાવ સંજ્ઞા આપે છે. (ડો.નગેન્દ્ર) કારણ કે અનેકવિધ અભિનયોથી યુકત રસોનું ભાવન કરે છે માટે નાટ્યપ્રયોકતાગણ તેને ભાવ કહે છે (બાબુલાલ શુકલ શાસ્ત્રી) જાતજાતના અભિનયો જોડે સંબંધ ધરાવનાર આ રસોનું (પ્રેક્ષકોને)

ભાવન (આસ્વાદન) કરાવે છે તેથી નાટ્યયોજકોએ એમને ભાવો જાણવા (ભૂપેન્દ્ર ત્રિવેદી)

ઉપરોકત ત્રણે શ્લોકોમાં વ્યકત વિચારો વડે 'ભાવ' શબ્દનો અર્થ પ્રયાપ્તપણે વ્યાપક બની જાય છે.

(૧) પ્રથમ શ્લોક અનુસાર ભાવ શબ્દ કાવ્યના સમગ્ર અર્થને આવરી લે છે. અહીં તે કાવ્યાર્થનો વાચક બને છે.

(૨) દ્વિતીય શ્લોક અનુસાર ભાવ શબ્દ કવિના આંતરિક અમૂર્ત મનોભાવનો વાચક બને છે.

(૩) તૃતીય શ્લોક અનુસાર ભાવ શબ્દ રસની અભિવ્યકિતના સાધન માત્રનો અર્થ પ્રગટ કરે છે.

ભાવ શબ્દથી પ્રતીયમાન આ ત્રણે અર્થમાં પરસ્પર કોઇ વિરોધ નથી. મૂળ આધાર તથા સંદર્ભોની ભિન્નતાના કારણે તેના અર્થો વ્યાપક બન્યા છે. એકનો કાવ્યાર્થથી, બીજાનો કવિના અન્તર્મનથી તથા ત્રીજાનો નાટ્યરસથી સંબંધ દર્શાવવા માટે 'ભાવ' શબ્દ નાટ્યના પારિભાષિક અર્થની સાથે અન્ય અર્થોને પણ પોતાનામાં સમાવી લે છે એટલેજ ભરતમુનિએ આ ત્રણે શ્લોકોને ટાંકતાં પહેલાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે 'અપિ ચ વ્યાપ્ત્યર્થ શ્લોકાશ્ચાત્ર ભવન્તિ' અર્થાત ભાવ શબ્દની અર્થવ્યાપ્તિ પ્રમાણિત કરવા માટે અનેક શ્લોકો ઉપલબ્ધ થાય છે.

ભરતમુનિએ ત્રણ શ્લોકો ટાંકીને ભાવની અર્થવ્યાપ્તિ દર્શાવી છે અને પોતાનું મંતવ્ય જણાવી ભાવને નાટ્યપ્રયોગના સંદર્ભમાં વિશેષપણે સ્પષ્ટ કરી આપ્યો છે. ભરતમુનિ તો કહે છે કે નાટ્યપ્રયોકતા આ ભાવોનું સાચું સ્વરુપ તો ત્યારેજ જાણી શકે જ્યારે ભાવોને તેઓ રંગમંચ ઉપર અભિનયથી તથા રસોથી સંબંધિત જુએ. (અધ્યાય ૭ શ્લોક ૩) ભાવોને અભિનયથી સંબંધિત કરવાની પણ એક વિશિષ્ટ રંગમંચીય પ્રક્રિયા છે વિભાવ અને અનુભાવોથી સંયુકત થઇનેજ 'ભાવ' પોતાના રંગમંચીય સ્વરુપને વ્યકત કરે છે. જે ભાવો વિભાવ અને અનુભાવોથી સંલગ્ન ન હોય તેવા ભાવોને નાટ્યશાસ્ત્રમાં સ્થાન આપવામાં આવ્યું નથી.

ભરતોત્તર કાળના, કાવ્યશાસ્ત્રમાં, મુળ નાટ્યના સંદર્ભમાં પ્રયોજાયેલા ભાવ શબ્દના અર્થમાં પરિવર્તન આવ્યું. કાવ્યના ક્ષેત્રમાં 'ભાવ' શબ્દનો સામાન્યપણે અર્થ થયો - 'અમૂર્ત મનોભાવ' અથવા 'માનવીય ભાવનાઓ' તેના અનુભવાધિષ્ઠિત અનુભૂતિમય સુખાત્મક તથા દુ:ખાત્મક એવા બે સ્થૂળ વર્ગ બન્યા. પરંતુ નાટ્યાચાર્યો દ્વારા, 'ભાવ'ના સ્વરુપને, રંગમંચ તથા અભિનયના આધારેજ નક્કી કરવામાં આવ્યું હતું. નાટ્યના શાસ્ત્ર અનુસાર નાટ્યમાં રુપાંતરિત પ્રત્યેક ભાવનું અસ્તિત્વ, રંગમંચગત વાચિક, આંગિક તથા સાત્વિક અભિનય સાથે જોડાયેલું છે. અહીં તેના અમૂર્ત મનોભાવાત્મક સ્વરુપને અધિક સ્થાન આપવામાં આવ્યું નથી.

ભરતમુનિનું સમગ્ર ચિંતન નાટ્ય તથા રંગમંચીય કળા પરજ પૂર્ણપણે આધારિત છે. પોતાના આ વિશિષ્ટ દૃષ્ટિકોણના આધારેજ તેમણે ભાવનું સ્વરુપ ત્રણ ગદ્યાંશો દ્વારા સ્પષ્ટ કર્યું છે -

(૧) વાક્ અંગ સત્વ ઉપેતાન્ કાવ્યાર્થાન્

(૨) ભાવયન્તીતિ ભાવા ઇતિ

(૩) ભૂ ઇતિ કરણે ધાતુ:

આ ત્રણે ગદ્યાંશોના વિશ્લેષણથી 'નાટ્યભાવ'નું સ્વરુપ સ્પષ્ટ થઇ શકે.

વાગંગસત્વોપેતાન્ કાવ્યાર્થ

અહીં 'વાગંગસત્વોપેતાન' અર્થાત વાક્ અંગ તથા સત્વથી યુક્ત-જોડાયેલા એ વિશેષણ છે અને 'કાવ્યાર્થ' એ 'ભાવયન્તિ' ક્રિયાપદનું કર્મ છે. 'કાવ્યાર્થ' શબ્દ વડે ભરતમુનિ શું કહેવા માગે છે તે સ્પષ્ટ કરવું અનિવાર્ય બને છે.

કાવ્ય, શબ્દ તથા અર્થ આ ત્રણેનો પ્રયોગ નાટ્યની જેમજ અતિ પ્રાચીન કાળથી થતો આવ્યો છે. 'નાટ્યશાસ્ત્ર'માં આવતી વિવિધ પારિભાષિક સંજ્ઞાઓના વિશ્લેષણ ઉપર 'નિરુક્ત શાસ્ત્ર'ની ખાસ અસર જોવા મળે છે. નિરુક્ત શાસ્ત્ર અનુસાર કાવ્ય, કાવ્યનો અર્થ

તથા અર્થનું જ્ઞાન આ ત્રણે પૃથક્પણે અસ્તિત્વ ધરાવે છે. અહીં 'અર્થ'નું તાત્પર્ય જ્ઞેયવસ્તુ સાથે છે, વસ્તુના 'પ્રમાતાગત જ્ઞાન' સાથે નહીં કારણ કે નિરુકતકારના યુગમાં અર્થના વાચ્ય, લક્ષ્ય તથા વ્યંગ્ય એવા પ્રકારોની શોધ થઇ નહોતી. ભરતમુનિના સમયમાં પણ કાવ્યના અર્થને જ્ઞેયવસ્તુ તથા તન્નિષ્ઠ આશયરુપેજ ગ્રહણ કરવામાં આવતો કારણ કે શબ્દોની અભિધા, લક્ષણા, વ્યંજના વિગેરે વૃત્તિઓની શોધ ભરતના યુગમાં થઇ નહોતી. એટલે ભરતમુનિની દૃષ્ટિએ તો 'કાવ્યાર્થ' વસ્તુનિષ્ઠજ સંભવી શકે પ્રમાતાગત જ્ઞાન સ્વરુપ નહિં. એટલે અર્થને જ્ઞાતાની અમૂર્ત જ્ઞાનાત્મક અવસ્થારુપ માનવો એ ભરતમુનિને કદાપિ અભિપ્રેત હોઇ શકે નહિ. જ્ઞાનમાત્રને પ્રમાતાનિષ્ઠ સમજી શકાય, અર્થમાત્રને નહિ. ભરતોત્તર કાળમાં પ્રવર્તમાન ધ્વનિસિધ્ધાન્તમાં જ્ઞેયાર્થ, જ્ઞાન અને જ્ઞાનોત્તર પરિણતિ-આનન્દ આ ત્રણેયની મીમાંસા એકાંગીપણે 'પ્રમાતાનિષ્ઠ' થઇ.'પ્રમાતાની જ્ઞાનાત્મક અવસ્થા'માં આ ત્રણેયને વિલીન કરી દેવામાં આવ્યા.કાવ્યાર્થ, તેનું જ્ઞાન તથા તેનો આસ્વાદ આ ત્રણેયને સંલગ્ન કરી તેને 'રસધ્વનિ' એવી વિશિષ્ટ પારિભાષિક સંજ્ઞા આપવામાં આવી અને તેથી ભરતોત્તર કાળમાં અર્થ તથા ભાવ આ બંને શબ્દો એકાંગીપણે પ્રમાતાના જ્ઞાન અથવા જ્ઞાનોત્તર આસ્વાદાત્મક સ્થિતિના વાચક બની ગયા પરંતુ નાટ્યકળાને કેન્દ્રમાં રાખી ચિંતન કરનાર ભરતમુનિની દૃષ્ટિએ 'કાવ્યાર્થ' 'જ્ઞેયવસ્તુરુપ' છે. અને તેનું પ્રમાતૃનિરપેક્ષ સ્વતંત્ર અસ્તિત્વ પણ સંભવી શકે છે.

ભરતમુનિએ કાવ્યાર્થની જ્ઞેય વસ્તુનિષ્ઠતાને અત્યંત સ્પષ્ટ કરી કરી આપવા માટે 'કાવ્યાર્થ')ની સાથે ત્રણ વિશેષણો જોડયા છે (૧) વાક્ (૨) અંગ અને (૩) સત્વ. પ્રત્યેક કાવ્યાર્થ આ ત્રણની સહાયતાથીજ કલાજગતમાં મૂર્તતા પ્રાપ્ત કરે છે. નાટ્યકળાની દૃષ્ટિએ 'અર્થ' શબ્દને એકાંગીપણે 'સુખદુ:ખાત્મક અમૂર્ત મનોભાવના'નો વાચક માની શકાય નહિ. 'અર્થ'ની જેમ 'ભાવ' શબ્દ પણ 'જ્ઞેય વસ્તુનિષ્ઠતા' નો અર્થ વ્યકત કરે છે. 'અમૂર્ત જ્ઞાનાત્મક અથવા વસ્તુ-રહિત અનુભૂતિમય અવસ્થાનો નહી. આ અર્થને ધ્યાનમાં રાખીનેજ ભરતમુનિએ 'ભાવ'ની પરિભાષા આપી છે. "વાક્ અંગ તથા સત્વથી યુકત કાવ્યાર્થને જે ભાવિત કરે છે તે ભાવ કહેવાય છે."

કાવ્યનો અર્થ વાચિક, આંગિક તથા સાત્વિક તત્વોથી કેવી રીતે 'ઉપેત' અથવા સંલગ્ન રહે છે તે 'અભિજ્ઞાન શાકુંતલ'ના પ્રસ્તુત શ્લોકના આધારે સ્પષ્ટ કરી શકાય.

યાસ્યત્યદ્ય શકુન્તલેતિ હૃદયં સંસ્પૃષ્ટમુત્કણ્ઠયા ।
કણ્ઠ સ્તમ્ભિતબાષ્પ વૃત્તિ કલુષશ્ચિન્તા જડં દર્શનમ્ ॥
વૈકલવ્યં મમ તાવદીદૃશમહો સ્નેહાદરણ્યૌકસ: ।
પીડ્યન્તે ગૃહિણ: કથં ન તનયા વિશ્લેષ દુ:ખૈર્ન વૈ ॥

અભિજ્ઞાન શાકુંતલ અંક-૪ શ્લોક ૮

'જાશે આજ શકુંતલા !' હૃદયને લાગ્યો અજંપો જ શો !
રોકયાં અશ્રુથી સાદ ગદ્ગદ થતો, ચિંતાથી ઝાંખું સૂઝે.
આવી જો વનવાસીની વિકલતા સ્નેહથી મારી અહો ।
તો સંસારી પિડાય શા પ્રથમ હા પુત્રીવિયોગે દુખે.

અનુ. ઉમાશંકર જોશી.

શકુંતલા પતિગૃહે વિદાય લે છે ત્યારે તેના પાલકપિતા કણ્વમુનિ માટે આ વિયોગ અસહ્ય થઇ પડે છે. કન્યાવિયોગ સમયના હૃદયદ્રાવક દુ:ખાનુભવને કાવ્યાર્થમાં રુપાંતરિત કરવા માટે કાલિદાસે વાક્, અંગ તથા સત્વમાં તેને ઢાળવાનો જે પ્રયત્ન કર્યો છે તે આ રીતે સમજી શકાય.

ઉપરોકત શ્લોકમાં આરંભથી અંત સુધી જેટલી ઉચ્ચારણમાન શબ્દ સંપત્તિ છે તે વાક્ અથવા વાણી છે. નાટ્યકળામાં તેને વિશિષ્ટ પારિભાષિક સંજ્ઞા આપવામાં આવી છે 'વાચિક' કારણ કે અભિનેતા વાણીના માધ્યમ વડેજ તેને રંગમંચ ઉપર અભિનયાત્મક રુપે રજુ કરે છે. જ્યારે બીજી બાજુ કવિ પણ વાક્ (શબ્દો) નો આધાર લીધા વિના કાવ્યરચના કરી શકતો નથી. આ પ્રમાણે કાવ્યની શબ્દબધ્ધ 'વાક્' રંગમંચ ઉપર નટ-નટી ધ્વારા વાચિક અભિનયમાં રુપાંતરિત થઇ જાય છે. અનાટ્યાયિત કાવ્યની 'વાક્'નું એટલું સજીવ નાટ્યાત્મક રુપાંતર થઇ શકતું નથી. નટ-નટીની વિશિષ્ટ પધ્ધતિ જ કાવ્યાર્થને સજીવ કરે છે એવું નથી, અન્ય બે તત્વો - આંગિક અને સાત્વિક - પણ છે જે કાવ્યગત વાક્ તથા અર્થને રંગમંચ ઉપર મૂર્તિમાન કરે છે. કન્યા વિયોગની ક્ષણોમાં કણ્વના હૃદયનું

ઉત્કંઠાથી ભરાઇ આવવું, કંઠ સ્તંભિત થઇ જવો, અશ્રુ ઉમટી આવવા, ચિન્તાથી દૃષ્ટિ જડીભૂત થઇ જવી, વિકળતા વિગેરે આંગિક તથા સાત્વિક તત્વો છે જેના વડે કન્યાવિયોગ સમયના માર્મિક વેદનાનુભવને આ વસ્તુઓ અથવા અર્થોમાં મૂર્તિત અથવા રુપાંતરિત કરવામાં આવ્યા છે.

જે કાવ્ય વાક્ અંગ સત્વથી ઉપેતે હોય તેવા કાવ્યમાં અભિનેયતા (stagebility) વિશેષ પ્રમાણમાં હોય છે. આ પ્રમાણે કાવ્ય સંરચના પ્રક્રિયા દરમ્યાન કવિની અથવા કવિરચિત પાત્રોની મનોગત સુખદુ:ખાત્મક અમૂર્ત ભાવનાઓ પણ જ્યારે 'વાગંગસત્વોપેત' બને છે ત્યારે તેમાં 'અર્થત્વ' નો સમાવેશ થાય છે. પ્રસ્તુત કાવ્યાર્થ જ્યારે નાટ્યકળાના ક્ષેત્રમાં ઉપસ્થિત કરવામાં આવે છે ત્યારે તે રંગમંચ ઉપર મૂર્ત વસ્તુનિષ્ઠ તથા અભિનયાત્મક વાક્-અંગ-સત્વમાંજ અભિવ્યક્ત થાય છે. શ્રવ્ય કાવ્યનો અર્થ પણ મૂળે 'વાક્ અંગસત્વોપેત' હોય છે પરંતુ રંગમંચીય અભિનયગત વસ્તુનિષ્ઠતા તથા મૂર્તતા તેમાં હોતી નથી. એટલે અભિનીત કાવ્યાર્થ તથા અનભિનીત કાવ્યાર્થ વચ્ચે મૂળભૂત અંતર રહેલું છે. ભરતમુનિ નિર્દિષ્ટ તમામ ભાવોનો સંબંધ આ અભિનીયમાન મૂર્ત-વસ્તુનિષ્ઠ કાવ્યાર્થો સાથે છે.

## કાવ્યાર્થોનું નાટ્યભાવોમાં રુપાંતર

કવિની ભાવનાઓ અમૂર્ત હોઇ શકે પણ જ્યારે તે ભાવનાઓ, કાવ્યમાં રુપાંતરિત થવા માંડે ત્યારે તેમાં અર્થાત્મક રુપ-આકારનો પ્રવેશ થવા માંડે છે એટલે કાવ્ય-રચનાના સંદર્ભમાં 'અર્થો' નો અભિપ્રાય 'વસ્તુઓ' અથવા 'વિષય' છે જે અનિવાર્યપણે ઇન્દ્રિયસંવેદ્ય હોય છે. કવિ દ્વારા લખાયેલા કાવ્યના શબ્દોની સહાયતાથી પાઠક કાવ્યાર્થોનું પોતાના મનમાં પુન: નિર્માણ કરે છે. પરંતુ કાવ્યના પાઠક દ્વારા ગ્રહણ કરાતો કાવ્યાર્થ તથા નાટકના પ્રેક્ષક દ્વારા ગ્રહણ કરવામાં આવતો નાટ્યાર્થ - આ બંને ગ્રહણપ્રક્રિયામાં મૂળભૂત તફાવત રહેલો છે. કાવ્યાર્થ ગ્રહણ કરતી વેળા કાવ્યના પાઠકની સામે રંગમંચ, નાટ્ય તથા અભિનય હોતો નથી, કેવળ શબ્દબદ્ધ પાઠ્ય અથવા શ્રવ્યકાવ્ય માત્ર હોય છે. જ્યારે નાટકનો પ્રેક્ષક કાવ્યાર્થો (નાટ્યાર્થો) સાથે સીધો સંબંધ સ્થાપિત કરી શકતો નથી. પરંતુ નાટ્ય

-ભાવો' ના માધ્યમથીજ સ્થાપિત કરી શકે છે. નટો ધ્વારા, 'શબ્દબધ્ધ કાવ્યાર્થ' ને રંગમંચ ઉપર વાચિક, આંગિક, સાત્વિક વિગેરે અભિનયોમાં પરિવર્તિત-પરિણત કરવામાં આવે છે. નટોજ, 'કાવ્યાર્થ' ને નાટ્યભાવોનું મૂર્ત સ્વરુપ પ્રદાન કરે છે. શબ્દ પ્રતીકોમાં લિખિત કાવ્ય તથા તેના અર્થોને નાટ્યના ભાવોમાં રુપાંતરિત કરવામાંજ નાટ્યકળાનું કૌશલ સમાયેલું છે. એટલેજ ભરતમુનિએ કહયું છે ''વાગંગસત્વપેતાન્ કાવ્યાર્થાન્ ભાવયન્તીતિ ભાવા: ।'

શ્રવ્ય કાવ્ય તેમજ દૃશ્યકાવ્ય (નાટ્ય) બંનેમાં અમૂર્ત શબ્દાર્થોને સમાન રુપે અવસ્થિત સમજી, નાટ્યભાવોના સ્વતંત્ર રંગમંચીય અસ્તિત્વને ભારતીય કાવ્યશાસ્ત્રમાં વિશેષ મહત્વ આપવામાં નથી આવ્યું. જેના પરિણામે કેટલાક પ્રાચીન તેમજ કેટલાક આધુનિક કાવ્યશાસ્ત્રજ્ઞો પણ નાટ્યશાસ્ત્રોકત તમામ ૪૯ ભાવોને પ્રત્યક્ષયા પરોક્ષ રીતે અમૂર્ત મનોભાવનાઓ સિધ્ધ કરવાનો પ્રયત્ન કરે છે અથવા તો ૪૯ ભાવોમાંના કેટલાકને વિશુધ્ધ શારીરિક અવસ્થા માત્ર સમજી તેનો 'ભાવોમાં' સમાવેશ નિરર્થક ઠેરવે છે. તેઓ એક રીતે ભરતમુનિને અન્યાયજ કરે છે.

કાવ્યાર્થોનું નાટ્યભાવોમાં રુપાંતર નટ ધ્વારા થાય છે અને એટલે એ અભિનય પ્રક્રિયાનોજ એક ભાગ બને છે. 'અભિજ્ઞાન શાકુન્તલ' ના ઉપરોકત શ્લોકના આધારે આ પ્રક્રિયા સ્પષ્ટ કરી શકાય તેમ છે. તેમાં નિરુપિત સ્તંભિત કણ્ઠ, અશ્રુ, ચિન્તાથી જડ્વત દૃષ્ટિ, વૈકલવ્ય વિગેરે અર્થો 'શબ્દબધ્ધ' છે તેનેજ કણ્વઋષિ બનતો નટ પોતાના આંગિક, સાત્વિક વિગેરે અભિનયો ધ્વારા મૂર્તિત કરે છે, એ સ્થિતિમાંજ તેને નાટ્યભાવોની પારિભાષિક સંજ્ઞા પ્રાપ્ત થાય છે, અન્યથા તે અમૂર્ત શબ્દબધ્ધ કાવ્યાર્થમાત્ર છે, નાટ્યભાવ નહીં. આ કારણેજ ભરતમુનિની દૃષ્ટિએ નાટ્યકળાના સંદર્ભમાં અશ્રુ, રોમાંચ, સ્વેદ, સ્તંભ વિગેરે પણ ભાવ (સાત્વિક) કહેવાય છે, જડતા, મરણ, વિગેરે પણ ભાવ (વ્યભિચારી) ની શ્રેણીમાં મુકાય છે તથા રતિ, ઉત્સાહ, શોક પણ ભાવ (સ્થાયી) ની અંતર્ગત સમાવવામાં આવે છે. કારણ કે આ તમામ ૪૯ ભાવોને રંગમંચ ઉપર અભિનયમાં મૂર્તિત કરવા જરુરી બને છે અને નાટ્યશાસ્ત્રની રચના આ કળાના વ્યાવહારિક પ્રશિક્ષણ માટે થઇ છે. ભરતમુનિએ આ પ્રત્યેક ભાવના મંચગત મૂર્તિકરણ અથવા અભિનયીકરણની પ્રક્રિયા વિસ્તારપૂર્વક સમજાવી છે. એટલે

નાટ્યકળા તથા રંગમંચ પ્રયોગની દૃષ્ટિએ વિચારીએ તો સ્પષ્ટપણે સમજાય છે કે ભરતમુનિએ નિરુપેલા ભાવોનું સ્વરુપ કવિના મનમાં અંતર્નિહિત અમૂર્ત અનુભૂતિમય મનોભાવનાત્મક નથી કે આસ્વાદક સહૃદય-સામાજિકના મનમાં ઉદ્‌બુધ્ધ તત્સદૃશ અનુભૂતિમયી ચેતના પણ નથી. ભરતમુનિ નિરુપિત તમામ ભાવોને અભિનયમાં મૂર્તાતિ નાટ્યના સાધનાત્મક તત્વોરુપેજ ગ્રહણ કરવા જોઇએ. નાટ્યમાં ભાવ સંજ્ઞા એ સાધનો(કરણ) ને આપવામાં આવી છે જે સ્વયં વાક્-અંગ-સત્વોપેત હોય છે તથા આ ત્રણે તત્વોથી યુકત કાવ્યાર્થને રંગમંચ પર ક્રિયાવ્યાપારાત્મક અથવા અભિનયાત્મક અભિવ્યકિત પ્રદાન કરે છે.

નાટ્યશાસ્ત્રમાં નિરુપિત ભાવોનું સ્વરુપ તથા અસ્તિત્વ પ્રમાતાનિરપેક્ષ છે. કારણ કે તેની રંગમંચ ઉપર નિષ્પત્તિ નટોના અભિનયના માધ્યમથી થાયછે. કાવ્યાર્થ મૂળે અભિનયહીન હોય છે પરંતું વાક્-અંગ-સત્વથી સંલગ્ન હોય છે. આજ કાવ્યાર્થો જ્યારે રંગમંચ ઉપર અભિનયાત્મક વાચિકો, આંગિકો અને સાત્વિકોમાં મૂર્તિત કરવામાં આવે છે ત્યાર્ નાટ્યભાવોની સંજ્ઞા પ્રાપ્ત કરે છે. ભરતમુનિની દૃષ્ટિએ કાવ્યાર્થોને નટો ધ્વારા રંગમંચીય અભિનયાત્મક ક્રિયાશીલતામાં રુપાંતરિત કરવાથીજ તે નાટ્યભાવોની સંજ્ઞા પ્રાપ્ત કરે છે.

### ભાવ: ક્રિયાવ્યાપાર

ભરતમુનિએ ભાવ શબ્દનો પ્રયોગ અમૂર્ત મનોભાવનારુપે નહિ પણ ક્રિયાવ્યાપારના પર્યાયરુપે કર્યો છે. ભાવ શબ્દના ક્રિયાવ્યાપાર નિષ્ઠ અર્થને 'નિરુકત' ના આધારે પણ સ્પષ્ટ કરી શકાય.

યાસ્કમુનિએ 'નામ' તથા 'આખ્યાત' શબ્દોની વ્યાખ્યાના સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, 'ભાવપ્રધાનમ્ આખ્યાતમ્, સત્વપ્રધાનાનિ નામાનિ.' આખ્યાત (ધાતુ) ભાવપ્રધાન હોય છે અને નામ (સંજ્ઞા) સત્વપ્રધાન સત્વને ભાવની વ્યાખ્યા આપતા યાસ્કમુનિ કહે છે કે ભાવમાં ક્રિયાની પ્રધાનતા હોય છે અને સત્વમાં મૂર્તતાની. ભાવ અથવા આખ્યાતમાં કેવળ એકજ ક્રિયાનો સમાવેશ થતો નથી પરંતું આરંભથી અંત સુધી જેટલી પણ અવાન્તર

સહાયક ક્રિયાઓ અન્તર્ભૂત હોય છે તે તમામ ક્રિયાઓનો પણ તેમાં સમાવેશ થાય છે. દા.ત. વ્રજતિ (જાય છે) આ 'આખ્યાત'માં ક્રિયાનો આરંભ થશે - પગમાં જોડા પહેરવા, એક પગ ઉપાડવો પછી બીજો, ક્રમશઃ આવેગથી આગળ વધવું, બંને હાથનં આગળ-પાછળ હલાવવા, ગતિ ક્યાંક ધીમો કરવી ક્યાંક તેજ, વિગેરે અનેક ક્રિયાઓનો, પોતાના સ્થાનથી નીકળી ગન્તવ્ય સુધી પહોંચવામાં જે પણ વ્યાપાર થાય છે તે 'વ્રજતિ' આખ્યાતમાં સમાયેલો છે. આ સંપૂર્ણ ક્રિયા વ્યાપારનું આરંભથી અંત સુધી જે સમષ્ટિ રુપ છે તે 'ભાવ' શબ્દ દ્વારા વ્યકત કરવામાં આવ્યું છે.- 'પુર્વા પરીભૂતં ભાવમાખ્યાતેનાચષ્ટ-વ્રજતિ પચતીત્યુપક્રમ પ્રભૃત્યપવર્ગ પર્યન્તમ્'।'' અહીં 'ભાવ' શબ્દનો મનોભાવના અથવા ચિત્તવૃત્તિપરક અર્થ બંધબેસતો નથી. યાસ્કમુનિએ ભાવશબ્દ-પ્રયોગમાં અમૂર્ત મનોભાવનાની જગ્યાએ ક્રિયાવ્યાપારાત્મક આશયજ ગ્રહણ કર્યો છે. તે યુગમાં 'ભાવ' શબ્દ ક્રિયાવ્યાપારના પર્યાયરુપેજ લગભગ પ્રયોજાતો હતો. 'ક્રિયા નિર્વૃત્યો યોઽર્થઃ સ ભાવઃ, ક્રિયા એવ વા ભાવઃ ।'' (નિરુકત /૧, ખં ૨/૭) પાણિનિના યુગમાં પણ ભાવ શબ્દ ક્રિયાના પર્યાયરુપેજ પ્રયોજાતો હતો.

ભરતમુનિએ પણ 'ભાવ સ્વરુપ વિશ્લેષણ'માં નાટ્યના ક્રિયાવ્યાપારોનેજ મુખ્યપણે ધ્યાનમાં રાખ્યા છે, એમ કહી શકાય.

ભાવયન્તિ ઇતિ ભાવાઃ ।

મુળ 'ભૂ' ધાતુથી નિષ્પન્ન 'ભાવયન્તિ' ક્રિયાપદનો અર્થ પણ ક્રિયાવ્યાપારત્વનો સંકેત કરે છે. આજ કારણે ભરતમુનિએ તેની વ્યુત્પત્તિમાં નિહિત મુળ ધાતુનો અર્થ પણ સ્પષ્ટ કરી આપ્યો છે. 'ભૂ ઇતિ કરણે ધાતુઃ ।' 'કરણનો સ્થુળ અર્થ થાય છે સાધન. કોઇપણ વસ્તુની અથવા કાર્યની સિધ્ધિ માટે સાધનો અનેક પ્રકારના હોઇ શકે. જેમાંના કેટલાક ક્રિયાશીલ હોય, કેટલાક અક્રિયાશીલ અથવા સ્થિતર. જેમ કે માટીમાંથી ઘડો બનાવવામાં માટી એ સ્થિર સાધન છે જ્યારે ચાકડું એ ક્રિયાશીલ સાધન છે. નાટ્યકળાની દૃષ્ટિએ 'કરણ'નો અર્થ ક્રિયાશીલતા સાથે છે. નૃત્તના સંદર્ભમાં ભરતમુનિએ ૧૦૮ કરણ

નિરુપ્યા છે તેનું સ્વરુપ પણ ક્રિયાશીલતાનો સંકેત કરે છે. આ ૧૦૮ કરણ હાથ-પગની વિભિન્ન ચેષ્ટાઓ અથવા ક્રિયાવ્યાપાર સાથે મુખ્યત્વે સંકળાયેલા છે. રંગમંચીય નાટ્યપ્રયોગમાં રસનિષ્પત્તિ માટે પ્રસ્તુત ભાવ તત્વ પણ અભિનયગત ક્રિયાશીલ અથવા કાર્યવ્યાપાર પ્રધાન સાધન છે એટલે કે ભાવ કરણાત્મક સાધન છે, સ્થિર સાધન નથી. 'ભાવ ઈતિ કરણ સાધન' માં પણ આજ વાત કહેવાઇ છે.

'કરણ ' શબ્દની રચના પણ મૂળ 'કૃ' ધાતુથી થઇ છે. આ પ્રમાણે ભરતમુનિએ 'ભૂ' ધાતુનો અર્થ સ્પષ્ટ કરવા માટે અન્ય શબ્દ 'કરણ'નો આધાર લીધો છે. તેમાં પણ ક્રિયાવ્યાપારનો આશય અસંદિગ્ધરુપે સમાયેલો છે. આમ કાર્યવ્યાપાર દ્યોતક મૂળધાતુગત અર્થના આધારે 'ભાવયન્તિ' એ ક્રિયાપદનો અર્થ થાય છે - જે કાર્યવ્યાપારમાં લાવવામાં આવે છે. રંગમંચીય કાર્યવ્યાપાર સ્વયમેવ ઘટિત થતા નથી પણ નટો ધ્વારા સંપન્ન કરવામાં આવે છે. એટલેજ 'ભાવ' શબ્દની વ્યુત્પત્તિમાં 'ભવન્તિ'ની જગ્યાએ 'ભાવયન્તિનો ભરતમુનિ વિશેષ આગ્રહ રાખે છે.

ઉપરોક્ત વિવરણના આધારે ભરતમુનિની દૃષ્ટિએ નાટ્યભાવોનું સ્વરુપ આપમેળે સ્પષ્ટ થઇ જાય છે. 'વાક્-અંગ-સત્વથી ઉપેત જે કાવ્યાર્થ છે તે રંગમંચ ઉપર નટો ધ્વારા કાર્યવ્યાપારમાં લાવવામાં આવે છે તેથી ભાવ કહેવાય છે.

## ભાવોનું ક્રિયાવ્યાપારનિષ્ઠ સ્વરુપ

નાટ્યશાસ્ત્રનો સાતમો અધ્યાય નાટ્યભાવોના ક્રિયાવ્યાપારનિષ્ઠ સ્વરુપની મીમાંસા કરવા માટે રચાયો છે. રસનિષ્પત્તિના સહાયક મુખ્ય તત્વો છે - વિભાવ, અનુભાવ, વ્યભિચારી ભાવ, સાત્વિક ભાવ તથા સ્થાયી ભાવ. આ પાંચેય રસતત્વોમાં તે તમામની 'ક્રિયાવ્યાપારાત્મકતા દર્શાવવા માટે પ્રત્યેકની સાથે ભાવ શબ્દ જોડવામાં આવ્યો છે.

કરુણરસનું ઉદાહરણ લઇ પ્રત્યેક રસતત્વની ક્રિયાવ્યાપારાત્મકતા આ રીતે સમજી શકાય.

કરુણ રસનો સ્થાયી ભાવ છે શોક. તે જયારે રંગમંચ ઉપર નાટ્યાત્મક ક્રિયાવ્યાપારમાં પરિણમે ત્યારેજ સ્થાયી ભાવની વિશિષ્ટ પરિભાષા પ્રાપ્ત કરી શકે, અન્યથા નહિ. તેનું ક્રિયાવ્યાપારમાં રુપાંતર કરવા માટે સર્વપ્રથમ સાધન છે 'વિભાવ'. આ સાધન પણ ક્રિયાવ્યાપાર શુન્ય નહીં હોય. નાટ્યશાસ્ત્ર અનુસાર શોક સ્થાયી ભાવના આટલા વિભાવ છે. - ઇષ્ટજન વિયોગ, વિભવનાશ, વધ, બન્ધન, દુ:ખાનુભવ વિગેરે. તેમાંના કેટલાક જડવસ્તુરુપ છે તો કેટલાક સચેતન. આ બંને પ્રકારના સાધનોનું જયારે રંગમંચ ઉપર ઉપસ્થાપન થશે ત્યારે તેમાં ગતિશીલતા તથા ક્રિયાવ્યાપારનિષ્ઠતા અનિવાર્યપણે લાવવી પડશે. કારણ કે લોકગત જડચેતન વસ્તુઓ જયારે રંગમંચ ઉપર ઉપસ્થિત થાય છે ત્યારે તેમાં નાટ્યધર્મિતાનો કલાત્મક સમાવેશ પૂર્ણપણે જરુરી બને છે. સ્વભાવ અને વિભાવનું આજ વ્યાવર્તક લક્ષણ છે. પ્રથમમાં નાટ્યધર્મિતાની અપેક્ષા હોતી નથી, તે લોકગત યથાર્થ છે એટલે સ્વભાવ છે પરંતુ બીજામાં નાટ્યધર્મિતાનો સમાવેશ થાય છે એને તે એને રંગમંચ ઉપયોગી તેમજ કલાત્મક બનાવે છે. વિભાવની કાર્યવ્યાપારનિષ્ઠતાને સ્પષ્ટ માન્યતા આપતા ભરતમુનિએ અન્યત્ર જણાવ્યું છે કે -

એવમન્યયેષ્વપિ તથા નાના કાર્યત્વ દર્શનાત્ ।
વિભાવો વાપિ ભાવો વા વિજ્ઞેયો અર્થવશાદ્ બુધૈ: ।।

અધ્યાય ૨૬ શ્લોક ૪૩

'નાટ્યપ્રદર્શનમાં આ પ્રમાણે અન્ય સ્થાનોએ પણ વિભિન્ન કાર્યો જોઇને અનેક કાર્યોથી સંબંધ્ધ અથવા અભિવ્યક્ત વિભાવ તથા અનુભાવોને સમજવા જોઇએ.''

શોક ભાવનાનું રંગમંચીય સ્થાયિભાવત્વમાં રુપાંતર કરવામાં સહાયક અન્ય તત્વ છે અનુભાવ. તેની પરિભાષામાંજ ક્રિયાવ્યાપારત્વનો નિર્દેશ મળે છે. વિભિન્ન અર્થોથી નિષ્પન્ન વાક્ અંગ સત્વથી કરવામાં આવેલા અભિનયને જે વ્યક્ત કરે છે તે અનુભાવ કહેવાય છે. શોક સ્થાયી ભાવના ભરતમુનિ નિરુપિત અનુભાવો આટલા છે - અશ્રુપાત, પશ્ચાતાપ, વિલાપ, વૈવર્ણ્ય, સ્વરભેદ, શિથિલ ગાત્ર, ભૂમિ-પતન,સસ્વર રુદન, આક્રન્દન,

દીર્ઘ નિઃશ્વાસ, જડતા, ઉન્માદ, મોહ, મરણ વિગેરે. આ સુચીમાં કેટલાક પારિભાષિક સાત્વીક ભાવો અન્તર્ભૂત છે. જેમ કે અશ્રુપાત, વૈવર્ણ્ય, સ્વરભેદ ઇત્યાદિ તો કેટલાક વ્યભિચારી ભાવો પણ છે, જેમ કે જડતા, ઉન્માદ, મોહ, મરણ, ઇત્યાદિ.

સાત્વિક ભાવ-અશ્રુ તો જલ-બિન્દુ માત્ર હોય છે તેથી તે માનવીય અમૂર્ત મનોભાવના કહી શકાય નહિ. પછી તેનો 'ભાવો'માં સમાવેશ શા માટે કરવામાં આવ્યો તેનું સમાધાન ભાવની પૂર્વોક્ત વિશિષ્ટ પરિભાષાને સ્વીકૃતિ આપવાથીજ થઇ શકે. રંગમંચીય 'ક્રિયાવ્યાપાર નિષ્ઠતા'ની એરણ ઉપરજ અશ્રુનું ભાવત્વ સિધ્ધ થઇ શકે છે. પ્રમાણ માટે નાટ્યશાસ્ત્રમાં 'અશ્રુ' ભાવના ક્રિયાવ્યાપારોની મીમાંસા આ પ્રમાણે આપવામાં આવી છે : નેત્રોને અશ્રુ જળથી પૂરિત કરવા, નેત્રોને વારંવાર લુછવા, અશ્રુકણો પાડવા વિગેરે. અહીં આંખોને આંસુથી ભરવી, લુછવી, આંસુ પાડવા વિગેરે નાટ્યના ક્રિયાવ્યાપારજ છે અને એટલેજ ભરતમુનિએ તેને ભાવ સંજ્ઞા આપી છે.

તેજ પ્રમાણે શોક સ્થાયી ભાવના એક વિશિષ્ટ વ્યભિચારી ભાવ 'મરણ'ના ભાવત્વને પણ નાટ્યશાસ્ત્રમાં નિરુપવામાં આવ્યું છે. તેમાં 'મરણ'ના જે મૂળભૂત કારણો-વ્યાધિજ તથા અભિઘાતજનો પ્રથમ ઉલ્લેખ છે, ત્યારબાદ બંને પ્રકારોમાં સંભાવ્ય વિભિન્ન શારીરિક ક્રિયાવ્યાપારોનું નિરુપણ છે. મરણ અથવા મૃત્યના વિભિન્ન કારણો અનુરુપજ તેના શારીરિક કાર્યવ્યાપારોમાં પણ વિવિધતા આવે છે. એ તથ્યને ધ્યાનમાં રાખીને વ્યાધિ, શસ્ત્રપ્રહાર, સર્પદંશ તથા વિષપાન જન્ય મરણની અલગ અલગ અભિનયપ્રક્રિયાઓ દર્શાવવામાં આવી છે. તેનો ઉદ્દેશ્ય સ્પષ્ટ છે : નટોને 'મરણ'ભાવમાં અન્તર્હિત વિવિધ કાર્યવ્યાપારોની વ્યાવહારિક જાણકારી આપવી. જો આ વ્યભિચારી ભાવનો અભિપ્રાય કેવળ મૃત્ય અથવા શરીરાવસાન માનવામાં આવે તો તેના વિવિધ ક્રિયાવ્યાપારોનો નિર્દેશ અનાવશ્યક બની રહે. તેજ પ્રમાણે જો મૃત્યુ પુર્વેની અમૂર્ત ચિત્તવૃત્તિ અથવા તત્કાલીન મનોભાવના માત્ર માનવામાં આવે તો પણ વિવિધ ક્રિયાવ્યાપારો નિરર્થક બની રહે. એટલે શોક સ્થાયી ભાવના રંગમંચીય મૂર્તિકરણમાં મરણ તથા અશ્રુ બંને ભાવોના

વિશિષ્ટ ક્રિયાવ્યાપારાત્મક સ્વરુપોને માનવા રાખવા સંગત જણાય છે.

વાક્ (વાણી) અથવા શબ્દોની સ્થિતિ શ્રવ્ય કાવ્યોમાં પણ હોય છે અને દૃશ્ય નાટ્યમાં પણ. પરંતુ દૃશ્ય નાટ્યગત વાક્ ને શ્રાવ્ય કાવ્યથી ભિન્ન દર્શાવવા માટે તેનો અનુભાવમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આંગિક, સાત્વિક, ક્રિયાવ્યાપારોની જેમ તેને પણ અભિનયનું એક અવિભાજ્ય અંગ માનવામાં આવ્યું છે.

આ પ્રમાણે અન્-અભિનીત કાવ્ય અથવા શ્રવ્ય કાવ્યના વાક્-અંગ-સત્વ જ્યારે રંગમંચ ઉપર નાટ્યાચિત થાય છે ત્યારે તેમાં ક્રિયાવ્યાપારત્વનો સમાવેશ થઇ જાય છે અને તે અનુભાવની વિશિષ્ટ સંજ્ઞા પ્રાપ્ત કરે છે.

અન્અભિનીત નાટક અથવા શ્રવ્ય કાવ્યના સમસ્ત અર્થો - જડ ચેતન, મૂર્ત-અમૂર્ત- ને નાટ્યમાં રુપાંતરિત કરવા માટેનું એક સાધન તે નાટ્યભાવ. રંગમંચીય ક્રિયાવ્યાપારનિષ્ઠતા તેની મૂળભૂત વિશેષતા છે અને કાવ્યાર્થ માત્રને આત્મસાત કરવો તેનો ગુણ છે. ભાવના આ વિશિષ્ટ સ્વરુપને ધ્યાનમાં રાખીનેજ તેને વિભાવ, અનુભાવ, વ્યભિચારી ભાવ, સાત્વિક ભાવ તથા સ્થાયી ભાવ વિગેરે રસનિષ્પાદક તત્વોથી સાંકળવામાં આવ્યો છે.

શોક સ્થાયી ભાવ એ પણ પ્રેક્ષકની આસ્વાદાત્મક અમૂર્ત મનોભાવના નથી પણ વિભાવ, અનુભાવ તથા વ્યભિચારી ભાવોની જેમજ નટ ધ્વારા અભિનયાત્મક ક્રિયાવ્યાપારમાં પરિણત સ્થિતિવિશેષ છે.

ઉપરોક્ત સમગ્ર વિવેચનનો સાર એટલોજ કે ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં ભાવનું અસ્તિત્વ વસ્તુગતજ માન્યું છે, અમૂર્ત મનોભાવ કે ચિત્તવૃત્તિરુપ નહીં. નાટ્યભાવ એ ક્રિયાશીલ સાધન છે કે જેના ધ્વારા વાક્ અંગ સત્વથી યુક્ત કાવ્યાર્થ ક્રિયાવ્યાપારત્વ ધારણ કરે છે. નટ ધ્વારા રંગમંચ ઉપર આંગિક, વાચિક, સાત્વિક, અભિનય વડે મુર્તિમંત બનતો વાક્ અંગ સત્વયુક્ત કાવ્યાર્થ તેજ નાટ્યભાવ.